સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ડૂબી વાસનાની માખી, 'ગુરુ' તેલમાં બેઠા છે,
મુક્તિ અપાવનારા ખૂદ જેલમાં બેઠા છે.
મોહ-માયાના ખેલમાં, હારી ગયા એ જિંદગી -
ખૂવાર થયા શિષ્યો ને ગુરુ ઘેલમાં બેઠા છે!!
(આશારામ - રામરહીમ ને વંદન)

હાઈકુ

ક્ષીર સાગરે !
પ્રભુ પણ પોઢી ગ્યા!!
કહેવું કોને ?!
(દેવરાયની એકાદશી)

ત્વમેવ સર્વં -
કરું હૃદય - પૂર્વક -
ગુરુ-વંદના...
(તમે જ માતા-પિતા)

ચિંતન

વિદ્યા ચૌરંરપિ ન ગ્રાહ્યા ।

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વિદ્યાની ચોરી થઈ શકતી નથી.

વિદ્યા મનુષ્યનું એવું ધન છે, જેને ચોર પણ ચોરી શકતા નથી. વિદ્વાન પુરુષોનું આ ધન અક્ષય, અચૌર્ય, અવિભાજ્ય અને અનઅપહરણીય હોય છે, અને આ ગુપ્ત ધનના કારણે તેઓ સર્વત્ર પૂજાય છે.

શિક્ષણ - કૌશલ્ય - કલા - કારીગીરી - માહિતી - જ્ઞાન એ ઈશ્વરીય કૃપા છે - આવડત - જાણકારી કદી પણ ઓછી થતી કે ભૂલાતી નથી. માટે સદા એ શિક્ષણ - અભ્યાસ કરતા જ રહેવું એ અમૂલ્ય અને અક્ષય ધન છે. એ અવિનાશી છે અનેક જન્મો સુધી એ આપણી સાથે જ રહે છે.

સુવિચાર

- સત્યની યાત્રા પ્રેમથી થોડીક સરળ છે, હું અને તમે આપણો થોડોક સ્વાર્થ ત્યાગ કરવા માટે તૈયાર રહીએ તો સત્યની યાત્રા થઈ શકે છે - **મોરારિ બાપુ**
- ભગવાન કરે આપણા સૌના માનસિક રોગ મટે અને એનાથી પેદા થનારી પીડા નષ્ટ થાય, પરંતુ એક પીડા કાયમ રહે, બીજાની પીડા આપણને મહેસૂસ થાય - **આચાર્ય મહાપ્રજ્ઞજી**
- શ્રદ્ધા ન હોય તો હરિનું સ્મરણ આપણને તેજસ્વી નથી બનાવી શકાતું - **ભીખુદાન ગઢવી**
- વિજ્ઞાન સમતા આપે ઓછે, અધ્યાત્મ સંતોષ આપે છે, વિજ્ઞાન કર્મયોગ છે, સતત યોગ નથી, સતત યોગ છે 'સંતોષ' - **બી.કે. શિવાની**
- આપણો વિચાર વિવેકપૂર્ણ હોવો જોઈએ, આપણો વિશ્વાસ વિવેકપૂર્ણ હોવો જોઈએ - **રોહિત શાહ**
- લાગણી ભીના સંબંધોને જયારે સ્વાર્થની દોરી પર સૂકવવામાં આવે છે ત્યારે પ્રેમનું બાષ્પીભવન થઈને સંબંધોમાં 'કરચલીઓ' જોવા મળે છે - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : સાપ કરડે ત્યારે તરત જ પચાસ ગ્રામ ઘીમાં બે ગ્રામ ફટકડીનો પાઉડર મિક્સ કરી તે લેપ ડંખ ઉપર લગાવવાથી ઝેર દૂર થવા લાગે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રોજ સવારે દાદા ભગવદ્ ગીતા વાંચે. દાદાનો પૌત્ર પણ કોઈવાર ગીતા સાંભળવા જોડાય. પૌત્રએ દાદાને કહ્યું, દાદાજી, મેં આ ગીતા વાંચવાનો પ્રયત્ન કર્યો પણ મને એમાં કંઈ સમજ ન પડી. 'દાદાજીએ કહ્યું, 'ભાઈ, હું પણ વર્ષોથી વાંચુ છું, છતાં મને પૂરેપૂરી સમજ નથી પડી.' પૌત્રએ કહ્યું, 'દાદાજી, મને એ સમજાતું નથી કે જે વસ્તુ સમજાય નહીં એવી વસ્તુ રોજ રોજ વાંચવાનો શું અર્થ ?' દાદાજી પૌત્રને લઈ ફળીયામાં આવ્યા અને કોલસા ભરેલી વાંસની ટોપલીમાંના બધા કોલસા ખાલી કરી તે પૌત્રને આપીને કહ્યું, 'જા બેટા, નદીમાંથી આ ટોપલીમાં પાણી ભરી લાવ.' પૌત્રએ નદીકિનારે જઈને ટોપલીમાં પાણી ભર્યું, પણ ઘર સુધી આવતાં બધું જ પાણી નીચે પડી ગયું. પૌત્રએ દાદાને કહ્યું, 'વાંસની ટોપલીમાં પાણી ભરવું શક્ય નથી, તમે કહો તો રસોડાનો ઘડો ભરીને લાવું.' દાદાજીએ કહ્યું, 'મને ઘડામાં ભરેલું નહીં, ટોપલીમાં ભરેલું પાણી જ જોઈએ છે, ફરી વાર જાજે, પૂરી તાકાતથી દોડતો પરત ફરજે અને ટોપલીમાં પાણી લઈ આવજે.' પૌત્રે ખૂબ મહેનત કરી પણ પાણી તો ઢોળાઈ જ ગયું.' પૌત્રે કહ્યું, 'દાદાજી ટોપલીમાં પાણી લાવું શક્ય જ નથી.' દાદાએ કહ્યું, 'ભલે ટોપલીમાં પાણી ન ભરાયું, પરંતુ કોલસા ભરેલી કાળી ટોપલી ચોખ્ખી થઈ ગઈ, ગીતા પઠનનું આવું જ છે. પહેલા ન સમજાય, બીજી વાર જરાક સમજાય, ત્રીજીવાર થોડીક સમજાય પૂરેપૂરી ભલે ન સમજાય પણ મન-મગજ ચોખ્ખા જરૂર થાય.'

કાશ્મીરી પંડિતોને વસાવવા સરકાર કૃતસંકલ્પ

તંત્રીસ્થાનેથી...

કાશ્મીર ભારત માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. ખીણ વિસ્તારમાં લગભગ સો ટકા મુસ્લિમ વસતિ હોવા છતાં ભારત એને પાકિસ્તાનમાં જવા દેવા સહમત નહોતું કારણ કે કાશ્મીરને માત્ર ભારતીય જનતા પાર્ટીના નેતા અટલ બિહારી વાજપેયી જ નહીં બલકે પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પણ ભારતનો મોરમુકુટ જ ગણતા હતા. પોતે કાશ્મીરી પંડિત હોઈ એમને કાશ્મીર ભારત સાથે જોડાય એમાં રસ હતો. આથી જયારે કાશ્મીરના મહારાજા હરિસિંહ પાક નેતાઓની લાલચને કારણે અવઢવમાં હતા ત્યારે પણ પંડિત જવાહરલાલે પોતાની મમત પકડી રાખી હતી. આખરે હરિસિંહ માન્યા પણ મોડા પડ્યા. પ્રશ્ન યુવો હસ્તક ગયો જે આજ લગી આપણી શિરોવેદના બની રહેલ છે. જે ક્રૂરતાપૂર્વક ઘાટીમાં વસતાં પંડિતોને પોતાનાં ઘરબાર અને ઈજ્જત છોડી નિરાશ્રિત કોલોનીઓમાં ધકેલી દેવાયા હતા એમને પોતાના માદરેવતનમાં પરત ફરવાનું તો ગમે. પરંતુ હજારો પંડિતોની કત્લેઆમ થઈ હતી અને અનેક બહેન-દીકરીઓની સરાજાહેર ઈજ્જત લૂંટાઈ હતી. ઈજ્જત લૂંટ્યા પછી એમની બેરહેમીપૂર્વક ઈદનાં બકરાં ઘેટાંની જેમ કતલ થઈ હતી - એમના બચી ગયેલા, દિલ્હી કે જમ્મુમાં નિરાશ્રિતોની છાવણીઓમાં પેઢીઓની પેઢીઓ ઊછરતી રહ્યા બાદ હવે ભારત સરકાર એમનું ઘાટીમાં અલગ કોલોનીઓ બનાવી પુનઃસ્થાપન કરવા ગંભીરતાપૂર્વક વિચારી રહી હોય તો તે આવકારદાયક બાબત છે. આખરે વહાલું વતન છોડીને બીજા પ્રદેશમાં નિરાશ્રિત જીવન જીવવાનું તો કોને ગમે ! પરંતુ પ્રશ્ન એ છે કે વર્તમાન પરિસ્થિતિમાં કાશ્મીર જયારે જવાળામુખીની ટોચ પર બેઠેલું છે ત્યારે એવી સળગતી આગમાં આ ગભરું પારેવડાંને માળો બાંધવાનું ગમશે ખરું? સૌથી મહત્ત્વનો પ્રશ્ન એમના જાનમાલની સુરક્ષાનો રહેવાનો. ગૃહ પ્રધાન અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમને ભરપૂર સુરક્ષા પૂરી પાડવા કૃતસંકલ્પ છે એ અવકારવા લાયક બાબત છે, પરંતુ ચોવીસે કલાક બંધૂકધારી લશ્કરી દળોના ઓછાયા હેઠળ જીવવાનું તો કોને ગમે ! વળી, છેક આઝાદીકાળથી અત્યાર સુધી વતનથી દૂર રહેલા આ ગરીબડા સમુદાયની જૂની પેઢી તો કયારનીય પૂરી થઈ ગઈ છે. હાલ એની ત્રીજી કે ચોથી પેઢી ચાલતી હશે જેણે એ વતનનું ગામ જોયું સુધ્ધાં નથી - ફક્ત પોતાના પૂર્વજોને અત્યંત ક્રૂરતાપૂર્વક વતનથી દૂર ધકેલી દેવાયા, માલમિલ્કત અને ઈજ્જતની બેફામ લૂંટ ચલાવાઈ - એટલી જ વાતો એણે સાંભળેલી છે. આજકાલ કાશ્મીર ખીણમાં આતંકવાદીઓ અને અલગતાવાદીઓ સાથે સ્થાનિક રાજકીય પાર્ટીઓની પણ સાંઠગાંઠ છે. એટલે કાશ્મીરી પંડિતોને તેઓ અલગ કોલોનીઓમાં નહીં પરંતુ બહુમતી મુસ્લિમ પ્રજાની વચ્ચે, અગાઉ જયાં એમને લોહિયાળ અનુભવ થયેલ છે ત્યાં જ, વલાવવાની સંમતિ આપવા તૈયાર છે. એવી સંમતિ કયારેક એવી જીવલેણ નીવડી શકે એ તો હવે ધાવણું બાળક પણ સમજી શકે એમ છે. પરંતુ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં કાશ્મીરી પંડિતો હરહંમેશ ટોપ પ્રાયોરિટી ભોગવતો મુદ્દો બનતા રહ્યા છે. એમના પ્રત્યે અપાર સહાનુભૂતિ ધરાવતી દેશની પ્રજા પણ દિલથી ઈચ્છે છે કે એમને વહાલું વતન પાછું મળે. આથી વર્તમાન સરકાર આ મુદ્દે ગંભીરતાપૂર્વક વિચારી રહી છે અને આવનારાં વર્ષો, દરમિયાન કાશ્મીરને દેશનાં બધાં રાજયો સાથે ઍટ પાર લઆવી દેવાની એની મંશા પણ કઠોર નિર્ણયો લઈ પાર પાડવા માગે છે. આપણે એને શુભેચ્છા પાઠવીએ.

માનવ ધર્મ સૌથી મહાન છે...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'અરે, ઐસે કિસી અનજાન કો આપ ઘરમેં ટીવી દેખને કે લીયે કૈસે હાં કરતે હો ?' સીમા ભાભીએ રૂદ્રીને કહ્યું અને રૂદ્રીએ હસતા હસતા કહ્યું, 'આપ અપની જગત બિલકુલ સહી હો, મગર હમ ભરોસા રખનેવાલે હૈ ઔર હર એક કો માનવ કે સ્વરુપમેં દેખતે હૈ...'

રૂદ્રી એના માતા-પિતા અને ભાઈ સાથે અમદાવાદના સમૃદ્ધ વિસ્તારમાં રહેતી હતી. પાંચ માળનો એનો ફલેટ હતો. એક બ્લોકમાં ૨૦ એમ કુલ મળીને ૮૦ ફલેટની નાની અને જુની એની સોસાયટી હતી. સોસાયટીના લોકોમાં સંપ અને એકતા પણ ખુબ સારી હતી. સહુ સુખ-દુઃખમાં, આનંદ ઉત્સવમાં એકબીજાની પડખે ઊભા રહેતા હતા. સરવાળે એ વિસ્તારમાં સોસાયટીની ઈમેજ ઘણી સારી હતી અને તેમાં રહેવું એ આનંદનો અવસર ગણાતો.

આ સોસાયટીમાં એ દિવસે વીજળીનો પુરવઠો નિયમિત ચાલુ હતો પરંતુ કોઈ કારણસર લીફ્ટ બગડી ગઈ. રૂદ્રીનો ફલેટ ત્રીજા માળે હતો અને એની ઉપરના માળ પર કોઈ પરિવાર નવો રહેવા આવ્યો. તેમનો સામાન શિફ્ટ થતો હતો. લીફ્ટમાં ન લઈ જઈ શકાય એવો સામાન અને બીજો તમામ સામાન યુવાન છોકરાઓ હઈસો હઈસો કરીને ઉપર ચડાવી રહ્યા હતા. રૂદ્રીના ઘરે વર્લ્ડકપની ભારતની કોઈ મહત્ત્વની મેચ બધા સાથે મળીને જોઈ રહ્યા હતા. ઘરના વડિલો અને છોકરાઓ ખેલાડીઓ દ્વારા જયારે જયારે શ્રેષ્ઠ પરફોર્મ થાય ત્યારે ત્યારે તેમને વધાવતા હતા. કોઈ ઘરમાં જ થાળી-વેલણથી અવાજ કરતું હતું તો કોઈ ચીચીયારીઓ પાડીને આનંદ કરતું હતું... મેઈન ડોર ખુલ્લું હતું એટલે સામાન ઉપર ચઢાવવા માટે આવતા-જતા માણસોની નજર અહીં પડતી હતી... એમાંના બે છોકરા ક્રિકેટમાં રસ હશે તે આ સહુના ચહેરા પર જોઈને પરિસ્થિતિનો તાગ મેળવતા હતા... એકવાર ઉપરથી પરત ફરતા એક છોકરો દરવાજે ઊભો રહ્યો - બહુ વિવેકપૂર્વક એણે પૂછ્યું કે, 'બે મિનિટ હું તમારી સાથે મેચ જોઈ શકું ?' રૂદ્રીએ સરળતાથી હા પાડી... એની સાથે એનો દોસ્ત પણ જોડાયો. રૂદ્રીના પિતાએ પાણી પાવા ઈશારો કર્યો એટલે એ બે છોકરાઓને પાણી પણ પાયું... પાંચ-સાત મિનિટ એમણે મેચ જોઈ... રાજી થયા ને થેન્ક યુ કહી જતા રહ્યા... આ આખી ઘટના રૂદ્રીના ઘરમા એ સમયે હાજર એક મહેમાને જોઈ. એમણે એમના અન્ય અનુભવો અને દુનિયાદારીના દર્શનમાંથી પ્રાપ્ત થયેલ નોલેજના આધારે રૂદ્રીને લેખના આરંભે લખેલું એમની વાત સ્વીકારીને પોતાની વાત પણ એટલી જ સહજતાથી મુકી આપી. એના ઘરમાં - પરિવારમાં ને પડોશમાં બાળકોને એ જ સંસ્કાર અપાયા હતા અને એમને એવું જ શિક્ષણ અપાતું હતું કે માણસને માણસ રૂપે જોવાની આદત પાડવી. માનવ ધર્મ સૌથી મહાન છે. એટલે રૂદ્રીએ એને અનુરુપ વર્તન કર્યું.

પછીથી એ કોઈને કહેલી હતી કે, 'પેલા વડિલની વાત પણ સાચી હશે, કારણ કે દુનિયામાં એવા કેટલાયે પ્રસંગો છે જેમાં આવી રીતે અજાણ્યા મઆમસો પર ભરોસો કરવાથી નુકશાન થયું હોય, પણ મેં સમય - સંજોગ - પરિસ્થિતિ અને બધા સાથે હતા. એટલે આમ કર્યું હતું.'

આખરે ક્રિકેટની રમત માત્ર મનોરંજન રૂપે નહિ, દેશની એકતાને પણ જોડે છે. ક્રિકેટ મેચમાં મેદાન પર અજાણ્યા પણ ભેગા થઈને દેશ માટે પ્રાર્થના કરે છે, દેશના ખેલાડીઓને ચીયરઅપ કરીને પ્રોત્સાહન આપે છે અને એ રીતે સહુ કોઈ દેશ માટે જોડાય છે.દેશ વતી ટીમ વિજેતા બને એ માટે સહુ કોઈ ક્રિકેટપ્રેમી પોતપોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરતા, મેદાન પર આપણે જોયા છે... કેટલાય લોકો માનતા માને છે... આ બધાના મૂળમાં છે દેશ માટેનો રાષ્ટ્રપ્રેમ... અને આવા દૃશ્યો જોવા મળે ત્યારે અજવાળા રેલાય છે.

ચાલો ! તમે જે કે રોલીંગને વાંચો અને હું ગીતા વાંચુ

વિચારયાત્રા
ડો. જય ઓઝા

હમ દેખેંગે કિ કલ તુમ બૂઢે હો જાઓગે
ઔર પૂછોગે કિ મૈંને અપની લાઠી કહાં રખ દી,
કહાં રખ દી હૈ મૈંને અપની ઐનક,દોસ્તો કી કવિતા-કિતાબે
હમ દેખેંગે કિ કલ તુમ બાત બાત મેં ચિડ ચિડાઓંગે
ઔર કહોગે કિ બાલ ધૂપ મેં નહીં પકે હૈ
હાથ મેં છડી ઘૂમાતે હુએ
હમ દેખેંગે કિ કલ તુમ રામાયણ-ગીતા પઢોગે
જિસે તુમ બરસોં કિતાબોં કે ઢેર કે નીચે
દબાતે રહે હો કોને મેં,
ઔર વિશ્લેષિત કરોગે અપના ચરિત્ર
હમ દેખેંગે કિ કલ તુમ્હારે દાંત નહીં હોંગે
ફિર ભી તુમ દરવાજે પર બને ચબૂતરે પર
બૈઠકર નસ કરોગે
ઔર પાની કે લગાતાર છીંટે મારકર
ચેહરે કો પ્રફુલ્લિત રખને મયોગે
હમ દેખેંગે કલ તુમ્હારેં બેટે જવાન હોંગે
ઔર પહનેંગે તુમ્હારે હી જૂતે
નોજવાન પાંવો મેં
વે તુમસે તેજ ચલેંગે
તુમ્હે ભૂલાતે હુએ

- ભગતસિંહ સોની

ભગતસિંહ સોનીની આ કવિતા કોણે કોને અનુલક્ષીને લખી છે, તે ઊંડાણથી વિચારીએ તો ઝટ સમજાય નહીં, એક તરવરાટ ધરાવતો યુવક બીજા ઢીલા, નિરસ યુવાનને કહે છે અથવા તો કોઈ વૃદ્ધ આજની નવી પેઢીને કહે છે, એક કવિની ખરી તાકાત જ એ છે કે તેની કવિતાના દરેક ભાવક તેને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જોઈ શકે છે, જયાં એકાર્થ નહીં અનેકાર્થની સંભાવનાઓ હોય તે કવિતાની મજબૂતાઈ હોય છે.

ખલીલ જિબ્રાન કહે છે કે,

જીવન એ કોઈ તળાવ જેવું બંધિયાર જળ નથી
પણ એક ઊછળતા, ફૂદતા, નાજૂક, નમણા ઝરણા જેવું છે...

જીવનની મજા ખળખળ વહેવામાં છે, માતાની કૂખરૂપી ગંગોત્રીમાંથી વહેણરૂપે નીકળીને આપણે અનુભવ અને જીવનના ચડાવ-ઉતારરૂપી પર્વતો પર ઝરણાની જેમ એક પછી એક સોપાન સર કરતાં કરતાં જીવનમાં ચાલતા રહેવાનું કાર્ય કરવાનું છે, ઝેન બુદ્ધિઝમમાં જીવન જીવવા માટે સંદેશો આપ્યો છે - 'ચાલતા રહેજો.' કયાંક રોકાયા વગર જીવન પ્રવાહ સાથે ચાલો.

પરંતુ સમાજમાં આપણને ગૌરવભરી વૃદ્ધાવસ્થા કરતા વધુ અસહનીય બુઢાપાવસ્થા વધુ જોવા મળે છે. સાઠ પછી સઢિયાઈ ગયેલાઓને જીવનમાં કોઈ ચોક્કસ સ્થાન ન મળવાનો વસવસો ઘેરી વળે છે, અત્યાર સુધી તો પૈસા કમાવવાના ચક્કરમાંથી ઊંચા આવતા નથી, નિવૃત્તિના સમયમાં જ અચાનક તેમને સમાજ-કાર્ય કરવાનું ભૂત માથે ચડે છે, અને તે પણ માત્ર પ્રસિદ્ધિની લાલસા માટે જ. જયારે અત્યારની પેઢી સતત નવા નવા સંઘર્ષ વચ્ચે પોતાનું જીવન જીવે છે - ઘર - પરિવારની જવાબદારીની સાથે-સાથે સામાજિક કાર્યો પણ આગળ પડતા રહીને કરતા હોય છે.

અને માટે જ પછી, સમસ્યા શરૂ થાય છે, કારણ કે સરખામણી કરવામાંથી આપણે ઊંચા આવતા નથી. 'હમારે ઝમાને મેં તો...' વાળી ડીંગો અને વાતો શરૂ થાય છે. કારણ એકદમ સરળ છે, જે-જે અભરખા જીવન જીવવાના નવતર પ્રયોગ અને નવતર સાહસ તેઓ પોતે અમલમાં ન મૂકી શક્યાં, અથવા તેમા તઓએ કદાચ નિષ્ફળતા મેળવી હતી, તેવા પ્રયોગો કરીને આગળ ધપતી નવા પડકારો ઝીલીને સામા પૂરે તરતી નવી પેઢીને જોઈને તેઓ અકળામણ અનુભવતા હોય છે.

વૃદ્ધાવસ્થા તો વિચારોથી જ આવતી હોય છે, શરીરથી નહીં, સતત નવું નવું પરિવર્તન સ્વીકારવાનું જિગર અને તે પરિવર્તન સાથે પોતાને ઢાળતા રહેવાનું સામર્થ્ય હોય તો કોઈ દિવસ બૂઢાપો આવે જ નહીં, પરંતુ આપણે તો જીવન જીવવાના જ ભાગ પાડી દીધા છે. રામાયણ અને ગીતાના પાઠ તો માત્ર સાઠ વર્ષ પછી જ વંચાય અને પછી જ ધર્મધ્યાન થાય. તે જ માનસિકતામાં પરિવર્તનની જરૂર છે. તો સામા પક્ષે યુવાઓએ પણ સ્વીકારવું જ રહ્યું કે, જો કોઈ વૃદ્ધ ખરેખર પોતાનું જીવન માણતા હોય, તો તેમને અકોણી દૃષ્ટિથી નહીં પરંતુ સહયોગથી નવાજે. આપણે સમાજ તો ઘેટાનું કૂતરું અને કૂતરાંનું ઘેટૂં કરતો જ આવ્યો છે.

ગઈકાલે જ બે નૌજવાન (મનથી જવાન - ઉંમરમાં કદાચ ૭૦ ઉપરના) દોસ્ત 'કબીર સિંહ' જોવા આવ્યા હતા, તો પહેલી હરોળમાં બેઠેલા બુઢ્ઢા કૉલેજીયન છોકરા-છોકરીઓ ખીખીયાટા કરતા હતા... 'કબીર સિંહ'માં પ્રેમની ગહનતાની જરા પણ સમજણ નહોતી માત્ર 'એડલ્ટ સર્ટીફિકેટ' વાળી ફિલ્મને જોવાનો છીછરો દૃષ્ટિકોણ ધરાવતા બિચારા બુઢ્ઢા યુવાનો સહજતાથી સ્વીકારી શક્યા જ નહીં કે પેલા બંને વયોવૃદ્ધ મોજથી 'બૈજુ-બાવરા' અને 'કબીરસિંહ' બંનેની લવસ્ટોરી માણી શકે છે. જો પેલા વૃદ્ધ-યુવાનો જમાના સાથે કદમતાલ કરી શકે તો સામે પેલા લવરમૂછિયા છેલબટાઉ કહેવાતા યુવાનોએ પણ તેમના આ સ્પીરીટને વધાવવો જોઈએ...

વાત ખૂબ સરળ છે, બંને આયામ પોતપોતાના સ્થાને યથોચિત છે. બસ આવશ્યકતા છે, તો એ કે બંને છેડાના વ્યક્તિત્વોએ એકબીજાની સ્પેસની આમાન્ય રાખવી જોઈએ - વડીલો પાસે અનુભવનું ભાથુ છે, તેમણે ઘણી તડકી છાયડી જોઈ છે, તેમની શીખામણથી યુવાઓ ઘણી મુસીબતથી બચી શકે, ભૂતકાળની એમની ભૂલથી કોઈ શીખ લઈને તેઓ યુવાઓને તે જ ભૂલનું પુનરાવર્તન કરાવતા અટકાવી શકે છે.

તો સામા પક્ષે બધા જ યુવાઓ છેલબટાઉ કે ધ્યેય વિહોણા બેજવાબદાર જરાય નથી. અલબત્ત કદાચ આજની પેઢી પાસે વધુ પ્રેક્ટિકલ અને ટેકનોલોજીગત માર્ગ છે, પરંપરાગત લઢણ કરતા વધુ સારી રીતે તેઓ વ્યાપાર કરી જાણે છે, પૈસા કમાઈ શકે છે. વિશ્વાસ કરો... વાતો વાતે જો વડિલો પાસેથી બસ શિખામણોનો અતિરેક સાંભળવા મળશે, તો વડિલો પોતાની આમાન્યા સ્વયં ગુમાવી દેશે...

આજના વૃદ્ધોએ ઉત્સુકતાપૂર્વક ચેતન ભગત કે જે. કે રોલીંગ વાંચવા પડશે અને યુવાઓએ આજે પણ એટલી જ પ્રસ્તુત ચાણક્યનીતિ અને ભગવદ્-ગીતાને આત્મસાત્ કરવી જ રહી.

- jayuoza@gmail.com
Mo.9898046488

FBના આળસુ મનોરંજનની દુનિયામાંથી બહાર આવવાનો સમય પાકી ગયો છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આજની પેઢીમાં બેશુમાર વંચાતા અને વિશ્વભરમાં લોકપ્રિય અંગ્રેજી સાહિત્યના લેખક કાજુઓ ઈશિગુરાના ઉપન્યાસોમાં માનવીય સંવેદનાઓ અને લાગણીશીલતાની અભિવ્યક્તિની તાકાતના અદભુત દર્શન થતા હોય છે. એમણે માનવીય ભ્રમણાઓ અને સંવેદનાના સ્પંદનો સુંદર રીતે રજુ કર્યા છે. ૧૯૫૪માં જન્મેલા ઈશિગુરા તેમની લઘુકથાઓ અને નવલકથાઓ માટે વિશ્વભરમાં જાણીતા છે. બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના જે શહેરમાં અણુબોમ્બ ઝીંકાયો હતો તે નાગાસાકીમાં જન્મેલા ઈશિગુરા પરિવાર છ વર્ષની ઉંમરે ઈંગ્લેન્ડ આવીને વસી ગયું હતું. વર્ષ ૨૦૦૮માં 'ધ ટાઈમ્સે' એમને ૫૦ મહાન બ્રિટિશ લેખકોની યાદીમાં સમાવિષ્ટ કરેલા. ૨૦૧૭માં સાહિત્યના નોબલ પારિતોષિક માટે ઈશિગુરાને પસંદ કરવામાં આવ્યા.

કાજુઓ ઈશિગુરા એટલે યાદ આવે છે કે, એમની લેખિનીમાં માનવીય સંવેદના અને જીવનની સફળતાના પાસા વર્તાય છે. આજનો યુગ ઝપડનો યુગ છે. દરેક વ્યક્તિને ઘડીના છઠ્ઠા ભાગમાં પોતાની અભિવ્યક્તિને હજારો લાખો લોકો સુધી પહોંચાડવાની અજબની એક હોંશ હોય છે. વિશ્વના સૌથી યુવાન બિલિયોનર માર્ક ઝકરબર્ગે જ્યારે ફેસબુક એપ્લિકેશન બનાવી ત્યારે એને ખુદને કલ્પના પણ ન હતી કે એની આ એપ્લિકેશન આટલી જલ્દી આખી દુનિયા માટે 'હાર્ટથ્રોબ' બની જશે. આજે જો કોઈ એમ કહે કે, તે એફબી ઉપર નથી તો જાણે કે એ બે સદી પાછળ જીવતો ન હોય એમ એને લોકો આશ્ચર્યની નજરે જોવા લાગે. દુનિયામાં પ્રતિ સાત વ્યક્તિએ એક વ્યક્તિ એફબીથી જોડાયેલો છે. કદાચ વાચકબંધુઓમાંથી પણ ઘણા એફબી ઉપર હશે.

ફેસબુક માનવીય સંવેદના વ્યક્ત કરવાનું હાથવગુ સરળ પ્લેટફોર્મ છે. વળી અભિવ્યક્તિનું એક ઉત્તમ અને ઝડપી સંસાધન પણ છે. ઈશિગુરાએ ફેસબુક વિષે વાત નથી કહી પણ ઈશિગુરાના લેખનની સાથે એફબીની વાત સહજ રીતે સંલગ્ન થતી હોય એમ લાગે છે. ફેસબુકને માનવીય સ્પંદનો ઝીલતું અને વહેવડાવતું અનોખુ આધુનિક પરિમાણ કહી શકાય. પણ શું આ હાથવગા સરળ સંસાધનના ઉપયોગમાં વિવેકપૂર્ણતા રખાય છે ખરી ? આ પ્રશ્ન પ્રત્યેક એફબી યુઝરે પોતાની જાતને નિખાલસતાપૂર્વક પુછવો જોઈએ.

એક આંતરરાષ્ટ્રીય સંસ્થાએ તાજેતરમાં કરેલા અભ્યાસના તારણોમાં જણાવ્યું છે કે, જે વ્યક્તિ દિવસમાં ૩૦ મિનિટથી વધુ ફેસબુકનો ઉપયોગ કરે છે, તો તે એફબી એડિક્ટ છે. જે વ્યક્તિ પોતાના બિઝનેસને પ્રમોટ કરવા માટે કે કચેરી કામના હિસ્સા તરીકે ફેસબુકનો બે-ચાર કલાક માટે ઉપયોગ કરે છે તે સમજી શકાય એવી બાબત છે. પરંતુ જે વ્યક્તિ ચોક્કસ ધ્યેય વગર ફેસબુક ઉપર દિવસનો ૩૦ મિનિટથી વધુ સમય પસાર કરે છે એ વ્યક્તિ એફબી એડિક્ટની વ્યાખ્યામાં આવે છે. એમ પણ કહી શકાય કે, તે કોઈ નિશ્ચિત લક્ષ્ય વગર નિરર્થક તેના મગજનો ઉપયોગી અને મહત્વની જગા એફબીથી ભરી રહ્યો છે. તેથી એવું માનવાનું સબળ કારણ બને છે કે, આવા વ્યક્તિઓ પોતાના જીવન કરતાં બીજાની જિંદગીમાં વધુ રસ લેવાવાળા પંચાતીયા લોકો છે.

હવે પ્રશ્ન એ થાય કે સંચાર ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં જેનો સિંહફાળો છે એવા ફેસબુકની નકારાત્મક બાજુ વળી કઈ છે ? તો એક વાત સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે એફબી વ્યક્તિને ખુલવાનો અવસર આપતો મજાનો મંચ જરૂર છે, જો એનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તો. પરંતુ જો એનો મર્યાદા બહાર ઉપયોગ થવા લાગે તો એ ભયાવહ પરિણામોની જન્મોત્રી બની જાય છે.

વ્યક્તિની ખુશી ફેસબુક ઉપર એણે મુકેલી પોસ્ટ કે પીકને લાઈક કરવાવાળાની સંખ્યા ઉપર અવલંબિત થતી ગઈ છે. એફબી પોસ્ટ ઉપર કેટલી કોમેન્ટ આવી, કેટલાએ એને આવકારી, કેટલાએ નેગેટીવ રિમાર્કસ આપી વગેરે આંકડાકીય માયાજાળ સુખ-દુઃખનું પેરામીટર બનવા લાગ્યું છે. કહેવાનો અર્થ એ નથી કે બધા જ એફબી યુઝર્સ સાથે આમ બને છે પણ મોટાભાગના લોકોની ખુશી ફેસબુકના લાઈક અને કોમેન્ટ બોક્સમાંથી જ વછૂટતી હોય છે.

એક મિત્ર ફેસબુકના એવા બંધાણી થઈ ગયા છે કે, દિવસમાં જ્યાં પણ જાય ત્યાં એક સેલ્ફી પાડી એફબી વોલ ઉપર ચિપકાવે નહીં ત્યાં સુધી એમને ચેન ન પડે. જો કોઈ દિવસ ક્યાંય ન ગયા હોય તો એમના ડ્રોઈંગરૂમમાં બેઠા કોઈ પુસ્તક વાંચતો ફોટો કે વરસાદમાં પલળતા હોય એવી તસવીર પણ એ ફેસબુક ઉપર મૂકી દે છે. નાના મોટા કોઈ પણ કાર્યક્રમમાં જાય તો કાર્યક્રમમાં હાજર મંચસ્થ મહાનુભાવ સાથે તસવીર પડાવી એને ફેસબુક વોલ ઉપર અપલોડ કરી દે. કશું જ ન હોય તો બે-ચાર સુવાક્યો કલરફુલ રીતે મૂકી દે. મનોચિકિત્સકો આ પ્રકારની મનોદશાને ડિપ્રેશનની શરૂઆતનો તબક્કો માને છે. ફેસબુક ઉપર પોતાની અંગત ખુશી અને દુઃખની વાતો મૂકવી અને અન્યની અંગત જિંદગીની વાતોમાં ડોકીયા કરવાની ઉત્કંઠા અંતે તો માનસિક બિમારીને નિમંત્રણ માત્ર છે.

એક ભાઈએ હૃદયનો ઊભરો ઠાલવતા કહ્યું કે, 'હું તો ફેસબુક ફ્રેન્ડસમાં હવે માનતો જ નથી. મેં ફેસબુક એકાઉન્ટ આજથી બંધ જ કરી દીધું છે.' આ ભાઈની આ અત્યાંતિક વાત પાછળની ઘટના પણ સમજવા જેવી છે. એમના પાંચ હજાર ફેસબુક ફ્રેન્ડ હતા. એમની કોઈપણ પોસ્ટને એકાદ હજાર એફબી ફ્રેન્ડસ લાઈક મળતી અને સોથી બસો એફબી ફ્રેન્ડસ એની ઉપર કોમેન્ટ આપતા. એમને હાર્ટ એટેક આવ્યો. ભાઈને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. એ વાત પણ એમણે એમની એફબી વોલ ઉપર મૂકી. સેંકડો એફબી મિત્રએ કોમેન્ટમાં સાજા થવાની શુભેચ્છાઓ લખી. કોઈ ફેસબુક ફ્રેન્ડે એમને મળવાની કે રૂબરૂ આવી એમની સારવારમાં દિલચસ્પી ન દાખવી. હોસ્પિટલમાં એમની સાથે એમના પત્ની અને સ્કૂલના બે મિત્રો ખડે પગે ઊભા રહ્યા. મજાની વાત તો એ હતી કે, જે બે મિત્રો હોસ્પિટલમાં એમની પડખે ઊભા રહ્યા એ એમના ફેસબુક ફ્રેન્ડ ન હતા.

સોશિયલી કનેક્ટ છીએ એવો ભ્રામક ખ્યાલ ફેસબુકના યુઝર્સને હોય છે. સાચી વાત